**Subject Code : QDB-39**

**જાહેર વહીવટ (મુખ્ય પરીક્ષા)**

**(Gujarati Medium)**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 200**

**સૂચના :** (1) પ્રશ્નપત્ર A, B અને C વિભાગમાં છે. પ્રત્યેક વિભાગમાં લખવાના પ્રશ્નો તથા તેના ગુણ આપવામાં આવેલ છે.

(2) પ્રત્યેક વિભાગમાં પ્રશ્નોના જવાબ એક સાથે – સળંગ ક્રમવાર જવાબવહીમાં લખવાના રહેશે. તેમજ એક વિભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા વિભાગના પ્રશ્નોના જવાબ લખવા નહીં. જો આ રીતે એક વિભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા વિભાગના પ્રશ્નોના જવાબ લખેલા હશે તો તે તપાસવામાં આવશે નહીં.

(3) વિભાગ A, B અને C માં ના પ્રશ્નોના જવાબ નિર્ધારિત શબ્દોમાં લખવા.

(4) જો અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ પ્રશ્નો અને તેના ગુજરાતી અનુવાદમાં તફાવત જણાય તો, અંગ્રેજી ભાષાનો પ્રશ્ન તે માટે માન્ય ગણવાનો રહેશે.

(5) ઉત્તર અંગ્રેજી અથવા ગુજરાતી બે પૈકી આપે વિકલ્પ આપેલ એક જ ભાષામાં લખવાના રહેશે. બંને ભાષામાં જવાબો એક સાથે લખી શકાશે નહીં.

## વિભાગ-A

**સૂચના :** (1) પ્રશ્ન ક્રમાંક : 1 થી 20.

(2) બધા જ 20 પ્રશ્નોના જવાબો લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 2 ગુણ છે.

(4) જવાબ આશરે 20 થી 30 શબ્દોમાં લખવા.

1. "લોકપ્રશાસન" એટલે શું ?
2. થિયરી "Y" શું છે ?
3. હર્બટ સિમોન પ્રતિપાદિત 'તર્કબદ્ધ નિર્ણય સિદ્ધાંત'માં 'પસંદગી પ્રવૃત્તિ' શું છે ?
4. મેક્સ વેબર દ્વારા પ્રતિપાદિત "પ્રભાવશાળી સત્તા"ના ખ્યાલની બે અગત્યની વિશેષતાઓ ઓળખી બતાવો.
5. પ્રશાસનના શાસ્ત્રીય સિદ્ધાંત સામે 'માનવતાવાદી પડકાર' એટલે શું ?
6. કેન્દ્રીકરણ એટલે સત્તાનું એકત્રીકરણ. ટિપ્પણી કરો.
7. "નવા લોકપ્રશાસન" (ન્યૂ પબ્લિક એડમિનિસ્ટ્રેશન)માં 'નવું' શું છે ?
8. બાહ્ય ઉત્તરદાયિત્વના ત્રણ મુખ્ય સ્રોત ઓળખી બતાવો.
9. નાગરિક સમાજના ખ્યાલને વ્યાખ્યાન્વિત કરો.
10. વૈધાનિક સત્તા સોંપણીની જરૂરિયાત શા માટે છે ?
11. સામાજિક ઉત્તરદાયિત્વની વ્યાખ્યા આપો.
12. સરકારી નિગમ (કોર્પોરેશન) એટલે શું
13. ભારતના લોકપ્રશાસનના અભ્યાસ માટે 1977નો અશોક મહેતા સમિતિ અહેવાલ શા માટે અગત્યતા ધરાવે છે ?
14. મંત્રી-મંડળ સચિવાલય એટલે શું ?
15. લોકપ્રશાસનમાં સત્તાનો ખ્યાલ કેવી રીતે જોવામાં આવે છે ?
16. PERTનો અર્થ તમે શું સમજો છો ?
17. વૈધાનિક નિયંત્રણ એટલે શું ?
18. ભારત સંઘીય રાજ્ય કેવી રીતે બને છે ?
19. રાજ્યપાલ, રાજ્યના નામના જ વડા છે. ટિપ્પણી કરો.
20. ભ્રષ્ટાચારની વ્યાખ્યા આપો.

RAJADEJA.com

## વિભાગ-B

સૂચના : (1) પ્રશ્ન ક્રમાંક : 21 થી 32.
(2) બધા જ 12 પ્રશ્નોના જવાબો લખવાના છે.
(3) દરેક પ્રશ્નના 5 ગુણ છે.
(4) જવાબ આશરે 50 થી 60 શબ્દોમાં લખવા.

21. "નવા જાહેર સંચાલન"ની વ્યાખ્યા આપો તથા તેની મુખ્ય વિશેષતાઓ ઓળખી બતાવો.

22. ચેસ્ટર બર્નાર્ડ માને છે કે સંગઠનના મુખ્ય અધિકારી દ્વારા સંગઠનમાં કરવામાં આવતા ત્રણ મહત્ત્વના કાર્યોને કારણે તેનું સ્થાન નિર્ણાયક મહત્ત્વતા ધરાવે છે. વિગતવાર જણાવો.

23. એલ્ટન મેયોના વેસ્ટર્ન ઇલેક્ટ્રીક પ્રયોગોનું ઉદાહરણો સહ મૂલ્યાંકન કરો.

24. પ્રિઝમેટિક મોડેલ શું છે ? આ મોડેલની મુખ્ય વિશેષતાઓ ઓળખી બતાવો.

25. કાર્યના વિવિધ ઘટકોને પરસ્પર સાંકળવા માટે, સંકલન, ખૂબ જ અગત્યનું કાર્યક્ષેત્ર છે. સંકલનના હેતુ માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી વિવિધ પ્રવિધીઓને ટૂંકમાં જણાવો.

26. "ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI), સરકાર દ્વારા નિયંત્રિત સંસ્થા છે." શું તમે સહમત છો ? તમારા જવાબના કારણો જણાવો.

27. માહિતી અધિકાર, પારદર્શિતાને પ્રોત્સાહન આપીને લોકશાહી મૂલ્યોને પુષ્ટિ આપે છે. સ્પષ્ટ કરો.

28. ભારતના બંધારણની 11મી અનુસૂચિ, ભારતના પંચાયતી રાજ શાસન માટે શા માટે ખૂબ જ અગત્યતા ધરાવે છે ? સમજાવો.

29. ડીજીટલ ઇન્ડિયા – ઇલેક્ટ્રોનિક સેવા વિતરણ એ ભારતના વિકાસલક્ષી પડકારોનો ઉત્તર છે. તપાસો.

30. ગઠબંધન સરકાર, શાસનની કાર્યક્ષમતા માટે અવરોધક છે. શું આ દલીલ ભારતના સંદર્ભમાં તર્કસંગત છે ? વિગતવાર ઉત્તર આપો.

31. જાહેર નીતિનું વૃદ્ધિશીલ મોડેલ (Incremental Model) શું છે ? ઉદાહરણ સહિત ચર્ચો.

32. રાજ્યના મુખ્ય સચિવના કાર્યોને તપાસો.

## વિભાગ-C

સૂચના : (1) પ્રશ્ન ક્રમાંક : 33 થી 39.
(2) નીચેના 7 પૈકી ગમે તે 5 પ્રશ્નોના જવાબો લખવાના છે.
(3) દરેક પ્રશ્નના 20 ગુણ છે.
(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

33. એવું કહેવાય છે કે મેક્સ વેબર દ્વારા પ્રતિપાદિત નોકરશાહીનો ખ્યાલ, ઘણા બધા અંશે તેના, "ધ પ્રોટેસ્ટન્ટ એથીક્સ અને સ્પીરીટ ઓફ કેપીટાલીઝમ" દ્વારા પ્રભાવિત થયેલ છે. શું તમે સહમત છો ? તમારા ઉત્તરને પુરવાર કરો.

34. લોકપ્રશાસનની ઉત્ક્રાંતિના વિવિધ પાસાઓની ચર્ચા કરો.

35. "લોકપ્રશાસન એ શાસનના મુદ્દાઓના સંદર્ભમાં એક પ્રતિભાવ છે." શું તમે સહમત છો ? તમારા જવાબનું સમર્થન કરો.

36. ત્રીજી મીનુબ્રુક કોન્ફરન્સ (2008) કેવી રીતે ભૂતકાળ સાથે એક સાથે સાતત્ય અને ખંડન ધરાવે છે ? ચર્ચો.

37. સુશાસનના ખ્યાલને સ્પષ્ટ કરો તથા તેના વિવિધ મુદ્દાઓ તથા પડકારોને તપાસો.

38. ભારતમાં માનવ અધિકારોના રક્ષણ માટેનાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની ભૂમિકાનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

39. ભારતમાં ભ્રષ્ટાચાર નિવારણ માટેની માળખાકીય વ્યવસ્થાઓ શું છે ? શું તે ભ્રષ્ટાચાર નિવારણ સુનિશ્ચિત કરે છે ? કારણો આપો.